હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

બાલીકા...આ વખતે નવરાત્રી બજેટમાં સીઝન પાસ પર જી.એસ.ટી ઊમેરીને ગણતરી કરવાનો સમય આવી ગયો છે...!!

શ્રાવણ મહિનામાં સેક્ટર ૨૧ ના વૈજનાથ મંદિરમાં બરફના શિવલિંગના દર્શન

શ્રી ગોવર્ધનનાથજીની હવેલી મંદિર સેક્ટર ૨૧ ખાતે વિવિધ શાકભાજીમાંથી કલાત્મક હિંડોળાના દર્શન લાભ ૪૦૦ થી વધુ ભગવદીય વૈષ્ણવો લઈને ભક્તિભાવથી વિભોર થયા હતા. હિંડોળા દર્શન દરરોજ સાંજે ૬:૩૦ થી ૭:૧૫ વાગ્યે યોજાશે જેનો સૌ શહેરીજનોએ દર્શનનો લાભ લેવા જણાવ્યું હતું.

સાદરા સંકુલમાં દેશભક્તિના શૌર્ય ગીતો ગાઈ આઝાદીની ચળવળ યાદ કરાઈ

ગાંધીનગર, તા. ૨

સમગ્ર રાષ્ટ્રમાં આઝાદીનો અમૃત મહોત્સવ વિવિધ સ્વરૂપે ઉજવાઈ રહ્યો છે. ત્યારે ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરામાં સરદાર ઉપાસના મંદિરમાં સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ મ. પટેલના માર્ગદર્શન હેઠળ સંકુલમાં અભ્યાસકર્તા ૨૨૦ વિદ્યાર્થી યુવક-યુવતીઓ અને સેવકોમાં દેશભક્તિનો સ્રોત સતત જાગૃત રહે અને દેશભક્તિમાં વધારો થાય તે હેતુસર દેશભક્તિના શૌર્ય ગીતોનો કાર્યક્રમ યોજી આઝાદીની ચળવળ પૂર્વે શહીદ થયેલા વીર સપૂતોની યાદ તાજી કરાઈ અને આઝાદી બાદ ગવાયેલા ગીતો ગાઈ આઝાદીનો અમૃત મહોત્સવની અનોખી રીતે ઉજવણી કરાઈ. જેમાં શૌર્યગીતોમાં ડગલુ ભર્યુ કે ના હટવુ, ડંકો વાગ્યો લડવૈયા શૂરા જાગજો રે, યાદ કરો કુરબાની યે જો શહીદ હૂએ હે ઉનકી, જેવા અનેક શૌર્યગીતોનું ગાન જગદીશ પરીખ અને યુવા વિદ્યાર્થી ભાઈઓ-બહેનોની ગીતગૂંજન ટૂકડી દ્વારા કરાયુ. કાર્યક્રમનું સંચાલન જગદીશ પરીખે કર્યુ અને આભાર દર્શન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. મોતી દેવુએ કર્યુ હતુ.

શહેર વસાહત મહાસંઘ દ્વારા ગાંધીનગરના ૫૮ માં સ્થાપના દિનની ઉજવણી

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેર નાં અટ્ટાવનમાં સ્થાપના દિન નિમિત્તે જીઈબી કોલોની ખાતે જ્યાં ગાંધીનગર શહેરની પ્રથમ ઈંટ મુકાયેલી તે સ્થાને મહાનગર પાલિકાના કમિશનર ધવલભાઈ, મેયર હિતેષભાઈ મકવાણા, ડે.મેયર પ્રેમલસિહ ગોલ, ગાંધીનગર જિલ્લા આપના પ્રમુખ મુકેશભાઈ પટેલ, કોંગ્રેસ અગ્રણી નિશીત ભાઈ વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે પ્રથમ ઈંટ મુકાયેલા સ્થાને ફુલહાર પહેરાવી મહાનુભાવો ની ઉપસ્થિતમાં કેક કાપી ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગની શુભેચ્છા ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિહ બિહોલા અનિવાર્ય સંજોગોવસાત ઉપસ્થિત ના રહેતા પાઠવી હતી. ગાધીનગર શહેર વસાહત મહાસંઘના મહામંત્રી રાજેન્દ્ર પારેખ, ગોવિંદભાઈ આહીર, ઘનશ્યામસિંહ ગોલ, ચન્દ્રકાન્ત ભાઈ સોની, સરગાસણ વસાહત મંડળના વિપુલભાઈ ઠાકર, વિનોદ ભાઈ ભટ્ટ, સી.બી.શ્રીમાળી, પોપટલાલ પ્રજાપતિ, અશ્વિનભાઈ રાઠોડ, વિઠ્ઠલભાઈ પરમાર, ધીરૂભાઇ ચારણ, ખજાનચી જગદીશભાઇ પટેલ, સુથારભાઈ, મહંમદભાઈ ઠેબા કારોબારી સભ્યો તેમજ સેક્ટરો નાં પ્રમુખ મંત્રિઓ ઉપસ્થિત રહ્યા હતા.

પીંપળજ પાસે આધેડને ટક્કર મારી મૃત્યુ નિપજાવનાર કાર ચાલક ઈડરથી ઝડપાયો

ગાંધીનગર,તા.૨

ગાંધીનગર-મહુડી માર્ગ પર પીંપળજ રોડ પાસે ઉભા રહેલા આધેડને ટક્કર મારી મોત નિપજાવી નાસી જનાર અજાણી કારના ચાલક ને ગણતરીના કલાકોમાં પેથાપુર પોલીસે ઈડરથી પકડી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પીંપળજ ખાતે ખેતરમાં રહીને પરિવાર સાથે ખેત મજુરી કરીને જીવન નિર્વાહ કરતા દશરથજી ઠાકોર બાઈક પર દિકરાને લઈને વહેલી સવારે ખેત મજુરી માટે જઈ રહ્યા હતા. તે સમયે મહર્ષિ અત્રી તપોવાન શાળા નજીક સ્વપનવીલા સોસાયટીના વળાંક પાસે બાઈકમાં પેટ્રોલ ખાલી થઈ ગયું હતું. જેથી દિકરો પેટ્રોલ લેવા ચાલતો ચાલતો જઈ રહ્યો હતો. ત્યારે તેને માર્ગમાં તેના પિતાને અકસ્માત અંગે જાણ થઈ હતી. અજાણી કારની ટક્કરે દશરથજીનું ગંભીર ઈજાને પગલે ઘટના સ્થળે જ મૃત્યુ નિપજયું હતું.

બનાવ અંગે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. પેથાપુર પીએસઆઈ એમ.એસ.રાણાના માર્ગદર્શન હેઠળ ટીમના જવાનોએ હાઈવે હોટલ, પેટ્રોલપંપ, તેમજ દુકાનોના સીસીટીવી કેમેરા ચેક કરતા કાર નં.જી.જે.૦૯.બી.ઈ.-૭૦૪ પસાર થતી જોવા મળે છે. જેની હેડ લાઈટ પરની ક્રોમની પટ્ટી લગાડેલી હતી. આ પટ્ટી મહીન્દ્રા ટીયુવી કારની હેડ લાઈટ પર હોવાનું ધ્યાને આવ્યું હતું. જેથી પોલીસે નંબરની પગલે તપાસ કરતા કાર ઈડરના શિવમ સોસાયટી ખાતે રહેતા પાર્થ દિલિપ શાહ ની હોવાનું ધ્યાને આવ્યું હતું. પોલીસે ઈડર જઈ પાર્થની પુછપરછ કરતા શખ્સે ગુનો કબુલ કરતા પોલીસે તેની ધરપકડ કરી હતી.

અમદાવાદ-ગાંધીનગરમાં પ્રોહિબિશનના-૩ ગુનામાં નાસતો ફરતો આરોપી ઝડપાયો

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરમાં પ્રોહી ડ્રાઈવ દરમિયાન અમદાવાદના અસલાલી અને ગાંધીનગરના દહેગામ પોલીસ મથકના પ્રોહિબિશનના કુલ-૩ ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસતો ફરતો આરોપીને દહેગામ જીઈબી વડ પાસેથી એલસીબી-૨ પોલીસે દબોચી લીધો હતો.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પ્રોહિબિશનના ગુનામાં નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે ખાસ ડ્રાઈવ ચાલી રહી છે.ત્યારે એલસીબી-૨ પોલીસે વર્ક આઉટ કરી વિવિધ ટીમો બનાવી તે દિશામાં સતત કાર્યરત હતા. તે સમયે એએસઆઈ દિલિપસિંહ બળદેવજી અને જોગીન્દરસિંહ મેહરસિંહને સંયુકત બાતમી મળી હતી કે અમદાવાદના અસલાલી અને ગાંધીનગરના દહેગામ મળી કુલ-૩ પ્રોહીના ગુનામાં નાસતો ફરતો આરોપી છબીનાથસિંહ ઉર્ફે રાજુ ઉર્ફે રાજા કૌંશલસિંહ રાજપુત (રહે.૩૫ સ્નેહકુંજ સોસાયટી નુતન નાગરીક બેંકની પાસે ઈસનપુર અમદાવાદ) ને દહેગામ જીઈબી વડ સામે શોંપીગ સેન્ટર પાસે આવેલી ચાની કીટલીના બાકડા પર બેઠેલ હોવાની બાતમી મળી હતી. જેથી પોલીસે જીઈબી વડ પાસે વોચ ગોઠવી શખ્સની ઓળખ પ્રસ્થાપિત કરી તેને પકડી પાડી વધુ તપાસ માટે દહેગામ પોલીસ મથકે મોકલી આપવામાં આવ્યો છે.

કોલવડા બસ સ્ટેન્ડ પાસેથી લીસ્ટેડ બુટલેગરની એલસીબી-૨ એ ઝડપી પાડ્યો

ગાંધીનગર, તા.૨

હત્યાના પ્રયાસના ૨ ગુનામાં તેમજ દારુના ૧૨ જેટલા ગુનામાં અગાઉ પોલીસે પકડી પાડેલા અને જિલ્લામાંથી તડીપાર થયેલા અને હાલમાં દારુના ત્રણેક ગુનામાં નાસતા ફરતા કોલવડા ગામના લીસ્ટેડ બુટલેગર નરેશ રઈજીજી રાવળ ને એલસીબી-૨ પોલીસે બાતમીને પગલે કોલવડા ગામના બસ સ્ટેન્ડ પાસેથી દબોચી લીધો હતો.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર રેન્જ આઈજી અભય ચુડાસમા અને જિલ્લા પોલીસ વડા તરૂણ દુગ્ગલ દ્વારા હાલમાં નાસતા ફરતા આરોપીઓને શોધવા માટે ખાસ ડ્રાઈવનું આયોજન કરી પરિણામલક્ષી કામગીરી કરવા માટે સુચના આપી હતી.જે અન્વયે એલસીબી-૨ પીઆઈ એચ.પી.પરમાર સીધા માર્ગદર્શન હેઠળ વિવિધ ટીમો બનાવી પ્રોહીબિશનની સફળ રેઈડ કરવા અને નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે જવાનો કાર્યરત હતા. તે સમયે એએસઆઈ દિલિપસિંહને બાતમી મળી હતી કે જિલ્લામાં હાલ ત્રણેક ગુનામાં નાસતો ફરતો લીસ્ટેડ બુટલેગર નરેશ રઈજીભાઈ રાવળ (રહે.ચામુંડાપુરા હુડકોના મકાન કોલવડા) ને બસ સ્ટેન્ડ નજીક વોચ ગોઠવી શખ્સને પકડી પાડી વધુ તપાસ પેથાપુર પોલીસ દ્વારા કરવામાં આવશે. જયારે આરોપી પેથાપુર, સેકટર-૨૧ અને સેકટર-૭ પોલીસ મથકમાં નોંધાયેલ દારૂના ગુનામાં નાસતો ફરતો હતો.

પીંપળજથી ઉનાવા જવાના રોડ પરથી ૬ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૨

પીંપળજ થી ઉનાવા જતા રોડ પર બસ સ્ટેન્ડની પાછળ ખુલ્લી જગ્યામાં જુગારની બાજી માંડીને બેઠેલા ૬ જુગારીઓને રૂ.૧૦, ૪૯૦ ની મત્તા સાથે પકડી પાડી પેથાપુર પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર વિસ્તારમાં પોલીસ સ્ટાફના જવાનો પેટ્રોલીંગમાં હતા તે સમયે પેથાપુર ચોકડી પાસે આવતા કોન્સ્ટેબલ જયપાલસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે પીંપળજ થી ઉનાવા જવાના રોડ પર બસ સ્ટેન્ડ ની પાછળના ભાગે આવેલા ખુલ્લા ખરાબામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે બાતમીવાળી જગ્યાએ જઈ રેઈડ પાડતા કુંડાળુ વળીને બાજી માંડીને બેઠેલા જુગારીઓને પકડી પાડ્યા હતા. પોલીસને જોઈ જુગારીઓમાં દોડાદાડી થવા પામી હતી.પરંતુ પોલીસે જુગાર રમી રહેલા મુળ રાધનપુરના બંધવર ગામના અને હાલ પીંપળજ ખાતે રહેતા શંભુજી બાજુજી ઠાકોર, મુળ કાંકરેજના પેરવાડના વતની નરસિંહજી ગાંડાજી ઠાકોર, પીપળજ રબારી વાસ ખાતે રહેતા માધાજી બાજુજી ઠાકોર, ઉનાવા ખેતરમાં રહેતા લાલાજી ભીખાજી ઠાકોર, લાલાજી બાબુજી ઠાકોર અને ઘનશ્યામભાઈ કાંતિભાઈ પટેલ (રહે. ઉનાવા સ્વામીનારાયણ મંદિર પાસે) નો સમાવેશ થાય છે. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૧૦,૪૯૦ નો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા હેઠળ આગળની તપાસ હાથ ધરી છે.

બંસરી ઓપ્યુલન્સ સાઈટ પરથી લોખંડના સળીયાની ચોરી કરનાર બે ઝડપાયા

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર અંબાપુર કટ પાસે બંસરી ઓપ્યુલન્સ બાંધકામ સાઈટ પરથી બીમ ભરવા માટેની લોખંડની રીંગો તેમજ કટીંગ કરેલા સળીયાની ચોરી થઈ હતી.બનાવ અંગે ફરીયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી હતી. ત્યારે ઈન્ફોસી પોલીસે સળીયાની ચોરી કરનાર બે શખ્સોને પકડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કુડાસણ ઉગતી હાઈટ્સ સી-૨૦૪ ખાતે રહેતા ઈલેશ રોહિતકુમાર પટેલ પરિવાર સાથે રહે છે. અંબાપુર કટ પાસે નવીન બનતી સાઈટ બંસરી ઓપ્યુલન્સ ખાતે સુપરવાઈઝર તરીકે ફરજ બજાવે છે. ગત તા.૩૦ જુલાઈના રોજ સવારના દશ વાગ્યાના સુમારે સાઈટ પર ગયો હતો. તે સમયે કામ કરતા કારીગરોએ જણાવ્યું કે બીમ ભરવા માટેના લોખંડની રીંગો તેમજ કટીંગ કરેલા સળીયા રાત્રીના સમયે ચોરી થઈ છે. જેથી ઈલેશ ચોરી અંગે શેઠ ચિરાગભાઈને વાત કરી હતી. તે ઉપરાંત તા.૨૬ ના રોજ પણ બીમ ભરવાના કટીંગ કરેલા સળીયા અને લોખંડની રીંગો ચોરી થવા પામી હતી.બંસરી ઓપ્યુલન્સ ખાતે ૧૮૮ મકાન બનાવવા માટે બાંધકામ ચાલી રહ્યું હોવાથી કેટલા કિલો લોખંડની ચોરી થવા પામી છે તેનો અંદાજ લગાવી શકાય તેમ નથી. જેથી લોખંડની ચોરી અંગે પોલીસ ને જાણ કરી ન હતી. પરંતુ વાતવાતમાં જાણવા મળ્યું કે સાઈટ પરથી લોખંડની ચોરી કરનાર બે શખ્સને ઈન્ફોસીટી પોલીસે પકડયા છે. જેથી સાઈટ સુપરવાઈઝર ઈલેશ પટેલે ઈન્ફોસીટી પોલીસ મથકે સાઈટ પરથી લોખંડના સળીયાની ચોરી કરનાર ભાવેશ જગદીશભાઈ મિસ્ત્રી (ઉં.૪૧, રહે સેકટર-૧ મકાન નં.૯૩, વિવેકાનંદ નગર હાથીજણ અમદાવાદ), આકાશ ઉર્ફે નાનું મંગાભાઈ પટ્ટણી (ઉં.૨૦ ટ્રાફીક ચોકીના પાછળ આવેલા છાપરા ઈન્દીરાબ્રિજ) એ ચોરી કર્યા હોવાથી પોલીસે બંનેને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રંગપુરના પાંચ પોલીસકર્મીઓએ મોડ-૨ પાસ કરી રંગ જમાવ્યો..!!

રંગપુર ગામના ક્ષત્રિય રાજપૂત સમાજના એક સાથે પાંચ હેડ કોન્સ્ટેબલોએ પીએસઆઈની બઢતી મેળવી : સાવ નાનકડું ગામ છતાં ગામની આશરે અડધી વસ્તી પોલીસ-આર્મીમાં કાર્યરત

ગાંધીનગર, તા.૦૨

આપણે ત્યાં એક કહેવત છે કે "સિદ્ધિ તેને જઇ વરે જે પરસેવે ન્હાય". ગાંધીનગર-મહુડી માર્ગ પરના અંબોડ નજીકના નાનકડાં રંગપુર ગામે ક્ષત્રિય રાજપુત સમાજના યુવાનોમાં પોલીસ દળ કે સૈન્યની નોકરીનો અનોખો ક્રેઝ છે અને તેમાં તેઓ પરસેવો પાડીને એટલાં આગળ વધી રહ્યા છે કે ગામની માંડ ૧૨૦૦ની વસ્તીમાં પણ પાંચસોથી વધુ વ્યક્તિઓ પોલીસ, એસઆરપી કે આર્મીમાં તેમની સેવાઓ આપી રહ્યાં છે અને તાજેતરમાં જ રંગપુર ગામના યુવાનો જે પોલીસ દળમાં હેડ કોન્સ્ટેબલની નોકરી કરી રહ્યાં છે તે પૈકી પાંચ યુવાનો મોડ-૨ની ખાતાકીય પરીક્ષા પાસ કરીને પીએસઆઇ તરીકેની બઢતી મેળવી છે. ગાંધીનગર જિલ્લાના રંગપુર ગામના પોલીસકર્મી જિતેન્દ્રસિંહ ચાવડાએ જણાવ્યું હતું કે "ગામના આશરે ૩૪૦ વ્યક્તિઓ પોલીસ દળમાં, ૩૫ ક્ષત્રિય રાજપુત સમાજના એસઆરપીમાં અને ૧૩૦ વ્યક્તિઓ આર્મીમાં કાર્યરત છે. જે વ્યક્તિઓ પોલીસ દળમાં કાર્યરત છે તે પૈકી હેડ કોન્સ્ટેબલ પોલીસ કર્મચારીઓએ તાજેતરમાં મોડ-૨ની ખાતાકીય પરીક્ષા આપી હતી જેમાં ગામના પાંચ પોલીસ કર્મીઓ એકસાથે પાસ થયાં છે અને તેમણે હેડ કોન્સ્ટેબલમાંથી પોલીસ સબ ઇનસ્પેકટર તરીકેની બઢતી પ્રાપ્ત કરી છે. અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે તમામ યુવાનો ક્ષત્રિય રાજપૂત સમાજના છે અને ગુજરાતમાં હેડ કોન્સ્ટેબલમાંથી પીએસઆઈ બનવા માટે જેટલાં પોલીસકર્મીઓએ મોડ-૨ની પરીક્ષા આપી હતી જેમાંથી કુલ ૪૦૧ પોલીસકર્મીઓ પાસ થયાં છે તેમાં ૧૦૪ પોલીસકર્મીઓ ક્ષત્રિય રાજપૂત સમાજના છે મતલબ કે હેડ કોન્સ્ટેબલમાંથી પીએસઆઈ બનવા માટે ઉત્તીર્ણ થનારા કુલ પોલીસકર્મીઓ પૈકી ૨૬ ટકા જેટલાં ક્ષત્રિય રાજપૂત સમાજના પોલીસકર્મી પાસ થયા છે.

ગાંધીનગર તાલુકાના સરઢવ ગામે આવેલ ૧૦૦ વર્ષથી પણ વધુ જૂની ગોવર્ધનનાથજીની હવેલી ખાતે નાગરવેલના પાન અને ફૂલોના હિંડોળા આજે કરવામાં આવ્યા હતા.

આયુર્વેદિક હોસ્પિટલ કોલવડા ખાતે અપાતી સારવાર અને તાલીમ

ગાંધીનગર, તા. ૨

આયુર્વેદિક હોસ્પિટલ કોલવડા ખાતે ડોક્ટર અને તેમની ટીમ દ્વારા દર્દીઓને રક્તમોક્ષણ સારવાર આપવામાં આવી હતી. જેમાં સાથે સાથે ઈન્ટર્નશીપ કરતા વિદ્યાર્થીઓએ પણ તાલીમ લીધી હતી.

સમૂહ યજ્ઞોપવિત બદલવાનો કાર્યક્રમ જોગ

ગાંધીનગર, તા.૨

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર દ્વારા તા.૧૧મી ગુરૂવાર શ્રાવણી પુનમના દિવસે સ્વામી સચિદાનંદજી બ્રહ્મ ભવન સે-૧૬, ગાંધીનગર ખાતે સમુહ યજ્ઞોપવિત બદલવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સમુહ યજ્ઞોપવિત બદલવા માટે તા.૧૧મીએ સવારે નવ વાગે પૂજામાં બેસવા આસન અને પંચપાત્ર સાથે બ્રહ્મભવન ખાતે ઉપસ્થિત રહેવા બ્રહ્મ સમાજના ભુદેવોને શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગરના પ્રમુખ નરેશભાઈ દવે અને મહામંત્રી મુકેશ શુક્લ દ્વારા જણાવાયું છે.

ખૂણેખાંચરેથી

● રાજયના શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણી આજે શાહપુર પ્રા. શાળા ખાતે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા 'આઝાદી કા અમૃત મહોત્સવ' કાર્યક્રમની ઉજવણીમાં હાજરી આપવા પહોંચ્યા હતા.

● ગાંધીનગર શહેરમાં આજે રોડ પર લીકવીડ ડામરના છંટકાવ પછી રાખ નાખવામાં આવી રહી હોવાથી વાહનચાલકો પરેશાનીમાં મુકાયા હતા.

● જિલ્લામાં ૩ અને ૪ ઓગષ્ટના રોજ ઈ.શ્રમયોગી કાર્ડની ખાસ ડ્રાઈવ યોજવાનું આયોજન કરાયું છે.

● ગાંધીનગર શહેરમાં આજે ૧૨૧૯ લોકોને કોરોના વેક્સિનેશન અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવ્યા હતા.

● જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૮૨૦૦થી વધુ લોકોને કોરોના વેક્સિનેશન અભિયાન અંતર્ગત આવરી લેવાયા હતા.

● રાજયના અધિક નિયામકશ્રી (આરોગ્ય)એ આજે જિલ્લાતંત્રો સાથે કોરોનાની સ્થિતિ અંગે વિડીયો કોન્ફરન્સથી સમીક્ષા કરી હતી.

● ગાંધીનગર શહેર અને જિલ્લામાં પવિત્ર શ્રાવણને લઈ શિવભક્તોથી ઉભરાઈ રહ્યા છે.

● હર ઘર ત્રિરંગા અભિયાનને લઈ જિલ્લાતંત્રએ ખાસ વિડીયો ક્લીપ ગુજરાત ચલ ચિત્રોના અભિનેતાઓની અપીલ સાથે બનાવડાવી છે.

● ગાંધીનગર જિલ્લાના દહેગામ-રખિયાલ હાઈવે પર સરનામુ પૂછવા રસ્તો ક્રોસ કરી રહેલા ડ્રાયવરને અજાણી ટ્રકે ટક્કર મારતાં મોત નીપજ્યું છે.

● ગાંધીનગર પ્રજાપતિ મિત્રમંડળ દ્વારા નડાબેટ સીમાદર્શનના પ્રવાસનું આયોજન કરાયું હતું.

● જાયન્ટ્સ ગ્રૂપ ઓફ કલોલ તથા યંગ જાયન્ટસ દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

સંસ્કૃતિ મહિલા પરિવાર દ્વારા હિંડોળા ઉત્સવ

ગાંધીનગર, તા. ૧

સંસ્કૃતિ મહિલા પરિવાર દ્વારા હિંડોળા ઉત્સવ નિમિત્તે બાલકૃષ્ણના હિંડોળાના શણગાર, હિંડોળાના ભજનની સ્પર્ધા અને શ્રાવણ માસ નિમિત્તે શિવસ્તુતિનો ખાસ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગરના અગ્રણી મનીષાબેન ત્રિપાઠી ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત પારૂલબેન મહેતા સંગીતજ્ઞ અને દક્ષાબેન જાદવ કે જેઓ લાયન્સ ક્લબના ભૂતપૂર્વ પ્રમુખ અને ફેમીના ક્લબના બીજાઓ તરીકે સેવાઓ આપેલ છે તેઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત સંસ્થાના પ્રમુખ પ્રતિભાબેન દવેના શાબ્દીક પ્રવચનથી થઈ હતી. આભારવિધિ આરતીબેન દવેએ કરી હતી. કાર્યક્રમનું સંચાલન અલ્પાબેન ગોરે કર્યુ હતુ. આ ઉપરાંત દેવીબેન શુકલ, મીનાક્ષીબેન પારેખ અને સંસ્કૃતિ મહિલા પરીવારની બહેનોએ ઉપસ્થિત રહી કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. દરેકે બાલકૃષ્ણને હિંડોળે ઝુલાવવાનો લાભ લીધેલ હતો અને સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયુ હતુ.

હિંડોળાની સ્પર્ધામાં મનીષાબેન ત્રિપાઠી અને દક્ષાબેન જાદવે ઈનામો આપી દરેક બહેનોનો ઉત્સાહ વધાર્યો હતો. હિંડોળા ભજન સ્પર્ધામાં શાંતાબેન મજમુદાર, અલ્પાબેન ગોર, આરતીબેન દવે અને પ્રફુલ્લાબેન ખંધાડીયા વિજેતા બન્યા હતા જ્યારે હિંડોળા શણગારમાં હાર્દિકાબેન શુકલ, તરલીકાબેન સોની, છાયાબેન પંચાલ અને મીનાક્ષીબેન પારેખ વિજેતા બન્યા હતા.